# SENIOR CERTIFICATE EXAMINATION
## *SENIORSERTIFIKAAT-EKSAMEN*

**OCTOBER / NOVEMBER**
***OKTOBER / NOVEMBER***

**2004**

# GUJARATI

**(First Paper)**

HG **139-1/1**

6 pages

GUJARATI HG: Paper 1

139 1 1 HG

COPYRIGHT RESERVED / *KOPIEREG VOORBEHOU*
APPROVED BY UMALUSI / *GOEDGEKEUR DEUR UMALUSI*

**GAUTENG DEPARTMENT OF EDUCATION**

**SENIOR CERTIFICATE EXAMINATION**

**GUJARATI HG**
**(First Paper)**

**TIME: 2 hours**

**MARKS: 100**

---

## INSTRUCTIONS TO CANDIDATES

**READ THESE INSTRUCTIONS CAREFULLY BEFORE ANSWERING THE QUESTIONS**

1. Answer **ALL** questions.
2. Number your answers exactly as the questions are numbered.
3. Unless otherwise stated, questions must be answered in Gujarati in Gujarati script.

## પ્રશ્ન એક [50]

1 નીચે આપેલા વિષયોમાંથી કોઇ એક વિષય પર આશરે ૨૦૦ શબ્દોનો નિબંધ લખો.

1.1 ટેલીવિઝનથી થતા લાભ-ગેરલાભ
1.2 દિવાળીનો સાંસ્કૃતિક તહેવાર
1.3 એક ભિખારીની આત્મકથા
1.4 આદર્શ વિદ્યાર્થીજીવન
1.5 મારો પ્રિય નેતા

---

## પ્રશ્ન બે [25]

2 નીચે દર્શાવેલ વિષયોમાંથી કોઇ એક પર આશરે ૧૫૦ શબ્દોનો પત્ર લખો.

2.1 તમારા પિતાજીને અકસ્માત નડયો છે એ સમાચાર તમને મળ્યા તો એ વિશે ચિંતા વ્યક્ત કરતો પત્ર તેમને લખો.

અથવા

2.2 તમારા મિત્રને એક સારી યુનિવર્સિટીમાં એડમીશન મળ્યું છે તે અંગે તેને અભિનંદન પાઠવતો પત્ર લખો.

અથવા

2.3 તમે એક વૈજ્ઞાનિક મેળાની મુલાકાતે ગયા હતા તેના વિશે વર્ણન કરતો પત્ર તમારા મોટાભાઇને લખો.

## પ્રશ્ન ત્રણ [15]

3. <u>નીચે આપેલા પરિચ્છેદને વાંચીને પ્રશ્નોના ઉત્તર આપો.</u>

ઘણી સમજાવટ છતાં પણ આ દંપતી ત્યાંથી ખસ્યાં નહિ. એઓ ઘણે દુરથી ચાલીને આવ્યાં હતાં અને થાકેલા પણ હતાં. એમના ચહેરા ઘણા ચિંતાગ્રસ્ત હતા. સ્ત્રીના હાથમાં પાણીભરેલો એક પિત્તળનો લોટો હતો. તેને એ સાચવ્યા કરતી હતી. દીનબંધુને કાલાવાલા કરતી એ બોલી: 'અમારો એકનો એક દીકરો લાંબા સમયથી માંદગીના બિછાને પડેલો છે. ઘણીયે દવા કરી, પણ સારું ન થયું હવે અમારો વિચાર,મહાત્માજીના પવિત્ર ચરણોને આ લોટાના પાણીથી ધોવાનો છે.અને એ પવિત્ર પાણી માંદા દીકરાને પાવું છે. અમને શ્રદ્ધા છે કે મહાત્માજીના પ્રતાપે અમારો દીકરો સારો થઇ જશે'.

આવી આજીજીથી પણ દીનબંધુ પીગળ્યા નહિ. એઓ દાક્તરની સૂચના પ્રમાણે ચોકીદારનો ધર્મ બજાવી રહ્યા હતા. પેલા દંપતીએ તો હઠ લીધી કે જ્યાં સુધી અમને મહાત્માજી પાસે જવા ન દો ત્યાં સુધી અમે અહીંથી ઊઠવાનાં નથી. અને છેવટે એઓ ત્યાંજ ભોંય પર બેસી ગયાં.

બાપુના અંતેવાસીઓ આ દૃશ્યથી કંઇક મૂંઝાયા. કોઇકે રસ્તો કાઢવાની દૃષ્ટિથી પેલા દંપતીને પૂછયું કે આ વાત બાપુને કહેવી અને એઓ હા પાડે તો તમને અંદર જવા દેવા અને ના પાડે તો તમારે અહીંથી ચાલ્યા જવું.

આવા વહેમને ગાંધીજી નહિ જ પોષે એટલે એઓ મુલાકાતની ના પાડશે અને એમને તસ્દી આપ્યા વિના હઠીલા મુલાકાતીઓને પાછા રવાના કરીશું એવી માન્યતા સાથે દીનબંધુ ગાંધીજી પાસે ગયા અને બધી વાત કરી. ઉપવાસની અસરથી ગાંધીજીનો અવાજ ક્ષીણ થઇ ગયો હતો, તેથી હાથનો ઇશારો કરી એમણે કહ્યું: 'એમને અંદર આવવા દો'.

ગાંધીજીના આવા વલણથી દીનબંધુ મૂંઝાયા અને પોતાનો વિરોધ વ્યક્ત કરતા કહ્યું: 'આપ તો ભોળા લોકોના વહેમને પોષી રહ્યા છો.'

ગાંધીજી: 'ના, એમ નથી, વહેમનું ઓસડ આપવા માટે જ હું એમને બોલાવું છું.'

પેલા પતિ-પત્નીને અંદર લઇ જવામાં આવ્યાં મહાત્માજીને વંદન કરીને એઓ પાસે બેઠાં. ગાંધીજીએ જ વાતની શરૂઆત કરી. ધીમા પણ સ્પષ્ટ સ્વરે એમણે પૂછયું: 'તમે ઇશ્વરના અસ્તિત્વમાં માનો છો?'

દંપતી: 'હા જી'

P.T.O..../3.1 પ્રશ્ન ત્રણ

ગાંધીજી: "જો એમ જ હોય તો પછી તમારા દીકરાને સાજો કરવાની શક્તિ મારામાં છે એમ માની તમે ઇશ્વરનું અપમાન શા માટે કરો છો?" ગાંધીજીનો આ પ્રશ્ન સાંભળી પેલા બંને મૂંજવણમાં પડયાં એઓ કંઇ બોલ્યા નહિ, એટલે ગાંધીજીનો આ પ્રશ્ન સાંભળી પેલા બંને મૂંઝવણમાં પડયાં. એઓ કંઇ બોલ્યા નહિ, એટલે ગાંધીજીએ સમજાવ્યું: "મારા જેવા એક મનુષ્યના પગ ધોઇ, તે ગંદા પાણીનો દવા તરીકે ઉપયોગ કરવો, એ કેવળ અંધશ્રદ્ધા છે. તંદુરસ્તીના સામાન્ય નિયમોનું એ અજ્ઞાન સૂચવે છે". દાક્તરી જ્ઞાન અને વહેમનો ભેદ સમજાવતાં ગાંધીજી એમની સમક્ષ પાએક કલાક બોલ્યા. એમનો થાક જોઇ સૌ ચિંતાતુર બન્યા.

મહાત્માજીના વચનો સાંભળી પેલા દંપતીને પોતાની ભૂલ સમજાઇ અને પોતાની અંધશ્રદ્ધા માટે એમને શરમ પણ ઊપજી. ગાંધીજીએ પેલા લોટાનું પાણી ત્યાં જ ઢોળાવી દીધું અને કહ્યું: 'હવે જાઓ, ઇશ્વરમાં શ્રદ્ધા રાખજો અને દાક્તરની દવા કરજો. તમારો દીકરો સારો થઇ જશે'.

ગાંધીજીની સમજાવટથી એમની અંધશ્રદ્ધા દૂર થઇ અને એઓ હસતા ચહેરે બહાર આવ્યાં ત્યારે દરવાજે લોકોનું ટોળું આ ભાગ્યશાળી દંપતી તરફ જોઇ રહ્યું. બહાર નીકળતાં જ લોકો એમને ઘેરી વળ્યા અને ગાંધીજી સાથે શી વાત થઇ એ પૂછવા લાગ્યા. મહાત્માજીએ એમની અંધશ્રદ્ધા કેમ દૂર કરી એની વાતો એમણે લોકોને કહી. સૌ કહે છે કે વહેમનું ઓસડ ન હોય, પણ ગાંધીજીએ તો વહેમનું ઓસડ પણ શોધી આપ્યું.

3.1 ગાંધીજીના દર્શને આવનાર દંપતીએ ગાંધીજીને મળ્યા વગર પાછા ન જવાની હઠ શા માટે લીધી? (3)

3.2 દંપતીની મક્કમતા જોયા પછી ગાંધીજીની મુલાકાત અંગે શો માર્ગ કાઢવામાં આવ્યો? (3)

3.3 ગાંધીજીએ દંપતીની મુલાકાત માટે હા કેમ પાડી? (2)

3.4 ગાંધીજીએ દંપતીનો વહેમ કઇ રીતે દૂર કર્યો? (4)

3.5 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપો (3)

| | | |
|---|---|---|
| ઓસડ | હઠ | શક્તિ |
| દંપતી | આજીજી | મનુષ્ય |

## <u>પ્રશ્ન ચાર</u> [10]

4. <u>નીચેના કાવ્યની સમજૂતી આશરે છ થી આઠ વાક્યોમાં આપો.</u>
(જવાબ અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં આપી શકશો)

### કર્મનું ફળ

જેવી કરે જે કરણી, તેવી તરત ફળે છે,
બદલો બૂરા ભલાનો, અહિંનો અહિં મળે છે.
ઊંચે ચડે છે જ્યારે, સહુને એ તુચ્છ ગણતો,
પટકાય જ્યારે નીચે, ત્યારે સમજ પડે છે,
હસતાઓને રડાવે, રોનાર ઉપર હસે છે.
વાવ્યા વિના ન ફળશે, આપ્યા વિના ન મળશે,
ઇન્સાફ એજ કુદરત, અહિંનો અહિં કરે છે.

પટકાય – પડે　　તુચ્છ – મામુલી　　ઇન્સાફ – ન્યાય

---

**TOTAL MARKS : 100**

END